કાર્યનોંધ

પ્રકાશન સમિતિની ત્રીજી બેઠક

શૈક્ષણિક વર્ષ - ૨૦૧૬-૧૭ (ત્રીજી)

તા. ૦૮-૦૨-૨૦૧૭નાં રોજ માન.કુલપતિશ્રીનાં કાર્યાલયમાં અને તેમની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ની પ્રકાશન સમિતિની ત્રીજી બેઠકનું આયોજન થયું. બેઠકમાં નીચેની વિગતે બહાલી આપવામાં આવી અને સમિતિએ અન્ય ભલામણો પણ કરેલ છે.

- પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ વર્ષ-૨૦૧૭નાં યુનિવર્સિટી ડાયરી-કેલેન્ડર-પ્લાનર પ્રકાશનને તેમજ થયેલ ખર્ચ Rs. 99,350ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.
- **दीक्षान्तप्रवचनानि (Convocation Speeches)** ગ્રંથ સંપૂર્ણ રીતે તૈયાર થઇ ગયેલ છે. નવમા દીક્ષાંત સમારોહમાં માનનીય કુલાધિપતિશ્રી ઓ.પી.કોહલી અને શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનાં વરદ હસ્તે વિમોચન થયેલ છે. યુનિવર્સિટી નિયમાનુસાર ૩૫૦ની પ્રત સંખ્યામાં આ ગ્રંથ તૈયાર થયેલ છે. પ્રકાશિત ગ્રંથને તેમજ થયેલ ખર્ચને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.
- **जय सोमनाथः** નામનાં અનુવાદિત ગ્રંથની પ્રકાશનની મંજૂરી ભારતીય વિદ્યા ભવન, મુંબઇએ આપેલ છે. જેનાં આધારે અનુવાદક ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાજી પાસેથી અંતિમ સુધારેલ કોપી મેળવી ગ્રંથ સંપૂર્ણ રીતે તૈયાર કરેલ છે. નવમા દીક્ષાંત સમારોહમાં માનનીય કુલાધિપતશ્રી ઓ.પી.કોહલી અને શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનાં વરદ હસ્તે વિમોચન થયેલ છે. યુનિવર્સિટી નિયમાનુસાર ૩૫૦ની પ્રત સંખ્યામાં આ ગ્રંથ તૈયાર થયેલ છે. પ્રકાશિત ગ્રંથને તેમજ થયેલ ખર્ચને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.
- **वाक्यार्थज्योतिः** નામનો સંપાદિત ગ્રંથ પણ તૈયાર થઇ ગયેલ છે. નવમા દીક્ષાંત સમારોહમાં માનનીય કુલાધિપતિશ્રી ઓ.પી.કોહલી અને શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનાં વરદ હસ્તે વિમોચન થયેલ છે. યુનિવર્સિટી નિયમાનુસાર ૩૫૦ની પ્રત સંખ્યામાં આ ગ્રંથ તૈયાર થયેલ છે. પ્રકાશિત ગ્રંથને તેમજ થયેલ ખર્ચને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.
- **श्रीनरेन्द्रविजयमहाकाव्यम्** (ડૉ. અંબાલાલ પ્રજાપતિ) ગ્રંથની સમીક્ષા થઇ આવેલ છે. એક સમીક્ષક ડૉ. હર્ષદેવ માધવે પ્રકાશનની ભલામણ કરેલ છે. જ્યારે બીજા સમીક્ષક ડૉ. શિવજી ઉપાધ્યાયે પ્રકાશન ન કરવાની ભલામણ કરેલ છે. સમીક્ષકનો સમીક્ષા પત્ર ફાઇલમાં સાદર કરેલ છે. માન. કુલપતિશ્રીએ સ્વયં સમીક્ષા કર્યા બાદ આ ગ્રંથની પુનઃ સમીક્ષા અર્થે સમીક્ષક-૩ રૂપે પ્રો. રામકુમાર શર્મા, રા.સં. સં., જયપુર પરિસરના નામની ભલામણ કરેલ છે.
- પ્રકાશન અર્થે આવેલ ગ્રંથ **सिद्धपीठम्**ની સમીક્ષા અર્થે સમિતિ નીચે મુજબની ભલામણ કરે છે.

  સમીક્ષક-૧ = ડૉ. અમૃતલાલ ભોગાયતા, નડિયાદ

  સમીક્ષક -૨= પ્રો. 'અભિરાજ' રાજેન્દ્ર મિશ્ર, શિમલા
- પ્રકાશન સમિતિ યુનિવર્સિટી પ્રાધ્યાપક પ્રો. દેવેન્દ્રનાથ પાંડેયના અનુવાદિત ગ્રંથ પ્રકાશનની બાબતમાં તેમની પાસે તેમના ગ્રંથની અંતિમ રીવાઇજ્ડ નકલ તથા મૂળ ગ્રંથ પ્રકાશક પાસેથી મડેલ અનુવાદિત ગ્રંથ પ્રકાશનનો મંજૂરી પત્ર મેળવવા ભલામણ કરે છે.
- પ્રકાશન સમિતિ श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालयसंशोधनग्रन्थमाला / Shree Somnath Sanskrit University Research Grantha Series અંતર્ગત અત્રેની યુનિવર્સિટીમાં જમા થતા

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

અને પ્રકાશન યોગ્ય Ph.D. Thesis પ્રકાશનની ભલામણ કરે છે. જેમાં Original Manuscript Edition, Critical Edition of Some Popular Worksને પ્રાધાન્યતા આપવા ભલામણ છે.

- નવમા દીક્ષાંત સમારોહમાં માનનીય કુલાધિપતિશ્રી ઓ.પી.કોહલી અને શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનાં વરદ હસ્તે પાંચ ગ્રંથોનું વિમોચન થયેલ તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. વિમોચન થયેલ ગ્રંથોના નામ નીચે મુજબ છે.
  1. दीक्षान्तप्रवचननि
  2. काव्यलक्षणम्
  3. छन्दः शास्त्र से विकल्पगणित का विकास
  4. जय सोमनाथः
  5. वाक्यार्थज्योतिः
- પ્રકાશન સમિતિ પ્રકાશન અર્થે જરૂરી શ્રીલીપી સોફ્ટવેર ખરીદવાની ભલામણ કરે છે.
- પ્રકાશન સમિતિ સંશોધન-પ્રકાશન વિભાગને જરૂરી એક કલાર્ક અને એક સેવક ભાઇ ફાળવવાની ભલામણ કરે છે.
- માન. કુલપતિશ્રીએ ગત વર્ષ દરમ્યાન થયેલ વિવિધ વ્યાખ્યાનમાળાઓમાં દેશના નામાંકિત વિદ્વાનોએ રજૂ કરેલ તેમના વ્યાખ્યાનોની નકલ જે તે સંયોજક પાસેથી મેળવી પ્રકાશિત કરવાની કામગીરી સમિતિને સોંપેલ છે.
- "सोमज्योतिः" હવેથી ત્રૈમાસિક પ્રકાશિત થાય તેમ ભલામણ છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી